ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૮/૨૪–૨૫/ 581 તારીખ : 20 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સરવૈયા બાબુભા દુદાભા,**
મુ. સનાળા, તા.જેસર,
જી. ભાવનગર – ૩૬૪ ૫૧૦.
મો.નં– ૮૯૮૦૩ ૮૪૭૭૭.

કેસ નં.૧૮/૨૪–૨૫

**વિષય : ખેતીવાડી વીજ કનેકશન નું મીટર ન લગાવી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૦૫/૨૦૨૪, અત્રેની કચેરીને મળ્યા તા.૧૭/૦૫/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૪–૨૫/૪૭૮ તા.૨૩/૦૫/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૪–૨૫/૫૦૬ તા.૩૧/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૬/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગુ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **જેસર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૮/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી સરવૈયા બાબુભા દુદાભા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૨/૦૬/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી સરવૈયા બાબુભા દુદાભા (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **(૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(૨) શ્રી એ. આઈ. નાથાણી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સરવૈયા બાબુભા દુદાભા, મુ.સનાળા, તા.જેસર, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનનું મીટર ન લગાવી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૮/૨૪–૨૫/૪૭૮ તા.૨૩/૦૫/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૧૨/૦૬/૨૦૨૪** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી શ્રી સરવૈયા બાબુભા દુદાભા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે(૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી એ. આઈ. નાથાણી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સનાળા ગામના ખેડુત શ્રી સરવૈયા બાબુભા દાદુભાના ગ્રાહક નં.૩૭૭૪૨/૦૧૬૮૧/૮ માં ખેતીવાડીનું બીલ જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૨૧ ના રૂા.૬૧૩૩/– બાકી હોવાથી કંપનીના કર્મચારીએ અમારૂ મીટર તથા કેબલ કાપી ગયેલ છે.

૧.૨ પછી અમે અમારૂ બીલ તા.૧૯/૦૪/૨૦૨૧ માં રૂા.૬૧૩૦/– જમા કરેલ છે અને તેની સાથે રૂા.૨૩૬/– તથા રૂા.૧૭૭/– મીટર ચાર્જ અને કેબલ ચાર્જ ભરેલ છે. અરજી સાથે બીલની પહોંચ તથા મીટર અને કેબલની પહોંચ જોડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ પણ આજદીન સુધી મીટર અને કેબલ લગાડવામાં આવેલ નથી. જેથી વર્ષ ૨૦૨૧ માં અમારો પાક નિષ્ફળ ગયેલ છે. પાણી હોવા છતાં અમને વીજળી ન મળવાને કારણે આર્થિક નુકસાન ૭૦ થી ૮૦ હજાર થયેલ છે. મીટર અને કેબલ ન હોવા છતાં બોર્ડના કર્મચારીએ બીલ ચાલુ રાખેલ છે. અમારૂ કનેકશન કાપીને X માં નાખેલ છે.

૧.૪ અમારૂ કનેકશન X માં નાખ્યા પછી કે પહેલા અમને કોઈ પ્રકારની નોંટીસ કે લેખિત અથવા મૌખિક જાણ કરવામાં આવી નથી. જેથી કંપનીના કર્મચારી ઉપર યોગ્ય પગલા લેવા વિનંતી. અમને અમારૂ કનેકશન પાછુ મળે અને યોગ્ય ન્યાય મળે તેવી વિનંતી.

<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :- **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ – શ્રી સરવૈયા બાબુભા દાદુભા. ગ્રાહક નં.૩૭૭૪૨/૦૧૬૮૧/૮. કેટેગરી – A2, 15 HP. રીલીઝ તા.૦૩/૧૨/૨૦૧૬. પીડીસી તા.–માર્ચ–૨૨.

૨.૨ વાદીશ્રી સરવૈયા બાબુભા દાદુભા, ગ્રાહક નં.૩૭૭૪૨/૦૧૬૮૧/૮ થી ખેતીવાડી વીજ કનેકશનનું બીલ જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૨૧ રૂા.૬૧૩૩/– બાકી હોવાથી જેસર પેટા વિભાગીય કચેરી દવારા તેમનું મીટર તથા કેબલ કાપી ગયેલ છે અને સી.આર. નં:૮૯૨૯ તા.૨૬/૦૩/૨૧ ના રોજ જેસર સબ ડીવીઝન સ્ટોરમાં જમા લીધેલ છે.

૨.૩ વાદી દવારા સદર બીલ તા.૧૯/૪/૨૧ ના રોજ રૂા.૬૧૩૦/– પહોંચ નં.Q0૫૦૯૨૫૨ થી જમા કરેલ છે અને તેની સાથે રીકનેકશન ચાર્જની રકમ રૂા.૨૩૬/– પહોંચ નં.Q0૫૦૯૨૬૬ અને જી.એસ.ટી.ની રકમ પહોંચ નં.Q0૫૦૯૨૬૭ થી તા.૧૯/૪/૨૧ ના રોજ ભરપાઈ કરેલ છે ત્યારબાદ સદર વીજ કનેકશન જેસર સબ ડીવીઝન દવારા ફરી લગાડી આપવામાં આવેલ હતું.

૨.૪ ત્યારબાદ વાદીશ્રીને તા.૨૫/૨/૨૨ સુધી રેગ્યુલર વીજબીલ બનતા હતા અને સદર ગ્રાહકના માર્ચ–૨૨ માં વીજબીલના બાકી લેણા રૂા.૨૯૭૮.૦૨ હતાં. સદર કનેકશન શરતચુકથી માર્ચ–૨૨ માં જે તે સમયના સી.આસી. દવારા રદ કરવામાં આવેલ છે અને તેની સદર ભુલના લીધે જેસર પેટા વિભાગીય કચેરી દવારા સી.આસી.(બીલીંગ) નો ખુલાસો પુછવામાં આવેલ છે, જે આ સાથે સામેલ છે.

૨.૫ વાદીશ્રીનું વીજ કનેકશન રદ થયેલ હોવાથી વાદીને કંપનીના નિયમાનુસાર PDC TO RC ની અરજી કરવાની રહેશે અને અરજી થયેથી PDC TO RC ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

☞ <u>ફોરમનું તારણ</u> :- **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી સરવૈયા બાબુભા દાદુભા ગ્રાહક નં.૨૭૭૪૨/૦૧૬૮૧/૮ થી ગામ–સનાળા ખાતે ખેતીવાડી વીજ કનેકશન ધરાવતાં. જેમાં પૈસા ભરી આપવા છતાં પણ પ્રતિવાદી પીજીવીસીએલ દવારા કનેકશન ચાલુ ન કરી આપવામાં આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ જેમાં વાદી અને પ્રતિવાદી એ હાજર રહી ફોરમને રજુઆતો કરેલ છે.

P.G.V.C.L. Redressal Forum Bhavnagar

૩.૩ પ્રસ્તુત કેસમાં રજુ થયેલ રેકોર્ડ, આજરોજની રૂબરૂ રજુઆતો, બીલીંગ રેકોર્ડ વગેરેને ધ્યાને લઈને ફોરમ નીચેના અવલોકન પર આવે છે.

(૧) વાદી દવારા જાન્યુ.–ફેબ્રુ.–૨૦૨૧ ના રોજ રૂા.૬૧૩૩/– વીજબીલ પેટે બાકી હોય, પ્રતિવાદી ની જેસર કચેરી દવારા તા.૨૬/૦૩/૨૦૨૧ એ મીટર કેબલ કાપી સ્ટોરમાં જમા કરાવવામાં આવેલ.

(૨) ઉપરોકત રકમ વાદી દવારા તા.૧૯/૦૪/૨૧ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં જમા કરાવી આપવામાં આવેલ, ત્યારબાદ પ્રતિવાદી દવારા રી–કનેકશન કરી આપવામાં આવેલ નથી.

(૩) પ્રતિવાદીની કચેરી દવારા તા.૨૬/૦૩/૨૧ ના રોજ મીટર સર્વિસ ઉતારી લીધા પહેલા કે ત્યારબાદ વાદીને કોઈપણ નોટીસ આપવામાં આવેલ નથી.

(૪) વાદીનું કનેકશન તા.૨૬/૦૩/૨૧ ના રોજ ઉતારી લીધા બાદ પણ પ્રતિવાદીની કચેરીએ બીલીંગ ચાલુ રાખેલ અને માર્ચ–૨૦૨૨ એટલે કે, એક વર્ષ બાદ લેઝરમાં કનેકશનને પી.ડી.સી. કરવામાં આવેલ, જેના લીધે ખોટી રીતે બીલીંગ ચાલુ રહેતા વાદીના ખાતામાં રૂા.૨૯૭૮.૦૨ બાકી આવેલ છે. જેને લઈને પ્રતિવાદી દવારા સદરહું કનેક્શન ફરીથી પી.ડી.સી. કરવામાં આવેલ, બિલીંગ વિભાગની બેદરકારી બાબતે પ્રતિવાદી દ્વારા સબંધિતનો ખુલાસો પુછવામાં આવેલ છે.

(૫) સદરહુ કનેકશનનું મીટર લેબ. ચકાસણીમાં રીડીંગ અવાચ્ય હોય, ફોલ્ટી જણાયેલ છે.

૩.૪ ઉપરોકત તારણોને ધ્યાને લઈ ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, સદરહુ કેસમાં પ્રતિવાદીની પીજીવીસીએલની કચેરી દવારા ગ્રાહકના ખેતીવાડી વીજ કનેકશનની કાયમી ધોરણે બંધ કરવા માટે નિયમ મુજબની કોઈ પ્રક્રિયા થયેલ નથી, અને મનસ્વી રીતે વીજ જોડાણ બંધ કરીને ગ્રાહકને માનસિક નુકશાન કરવામાં આવેલ છે. ઉપરોકત બાબતો પ્રતિવાદી પીજીવીસીએલની ગંભીર બેદરકારી અને અક્ષમ્ય ભૂલ દર્શાવે છે.

આ સંજોગોમાં હુકમ કરવામાં આવે છે કે, આ રદ કરેલ ખેતીવાડી જોડાણ તુરંત જ ચાલુ કરી આપવું અને તે માટેની મંજુરી સક્ષમ અધિકારી પાસેથી ત્વરિત મેળવવી. તમામ પ્રકિયા પૂર્ણ કરીને ફોરમને દિન ત્રીસમાં અહેવાલ કરવો. તેમજ આ કામ સબંધિત બેદરકાર અધિકારી/ કર્મચારીઓ પર સખ્ત કાર્યવાહી કરવી, જેથી આવા કેસોનું પુનરાવર્તન ન થાય.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**( પી.જે. મહેતા )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૦૬/૨૦૨૪.**